# દૂધ સાગર ડેરીની ચૂંટણીમાં ૧૫ બેઠક માટે ૩૯ ઉમેદવાર

## ૧૩૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા જે પૈકી ફોર્મ ચકાસણી વેળા ૨૭ ફોર્મ રદ થયાં અને ૧૦૫ ફોર્મ માન્ય રહ્યાં

વિસનગર, તા. ૨૫

મહેસાણાની દૂધસાગર ડેરીની આગામી પાંચમી જાન્યુઆરીએ યોજાનારી ૧૫ બેઠકોની ચૂંટણીમાં ૩૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ચૂંટણી માટે કુલ ૧૩૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા જે પૈકી બુધવારે ફોર્મ ચકાસણી દરમિયાન ૨૭ ફોર્મ રદ થયાં હતાં અને ૧૦૫ ફોર્મ માન્ય રહ્યાં હતાં. જ્યારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે અન્ય ફોર્મ પરત ખેંચાતાં હવે મેદાનમાં ૩૯ ઉમેદવારો રહ્યા છે.

દૂધસાગર ડેરીની ચૂંટણીમાં વધુ એક નવું પરિવર્તન જોવા મળ્યું છે. સિદ્ધપુર સીટ પર ત્રણ ઉમેદવારના ફોર્મ જે ચૂંટણી અધિકારી ક વર્ગને કારણે અમાન્ય રાખ્યા હતા તે ગુરુવારે હાઈકોર્ટે મંજૂર કરતા હવે સિદ્ધપુરમાં પણ ચૂંટણી જંગ જામ્યો છે. આ ત્રણ ઉમેદવારોનાં ફોર્મ મંજૂર થતાં અશોકભાઈ ચૌધરીની પેનલને ઝટકો લાગ્યો છે. ત્યારે વિપુલભાઈ ચૌધરીની પેનલમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. વિપુલ ચૌધરીની પેનલના ત્રણ ઉમેદવારોના ફોર્મ માન્ય રાખવા આવતાં હવે સિદ્ધપુર સીટ પર પણ ચૂંટણીનો જંગ જામશે. જો કે, હરીફ ઉમેદવારોની યાદી હજુ પ્રસિદ્ધ કરાઈ નથી ત્યારે ખરેખર કેટલા અને કયા ઉમેદવારો મેદાનમાં છે, એ તો હરીફ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ થયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

આગામી ૫ જાન્યુઆરીએ મહેસાણાની વર્ધમાન વિદ્યાલયમાં ૧૧ મતદાન મથકોમાં મતદાન યોજાશે. જેમાં ૧૧૨૬ મતદારો ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. ઉલ્લેખનિય છે કે, દૂધસાગર ડેરીમાં સત્તા મેળવવા માટે બંને જૂથો દ્વારા તડામાર તૈયારી થતાં રસાકસી જોવા મળી રહી છે. જેમાં વિપુલભાઈ ચૌધરી અને અશોકભાઈ ચૌધરીની પેનલ દ્વારા ચૂંટણી લડવા માટે અનેક પેતરા અજમાવવામાં આવી રહ્યા છે. વિપુલ ચૌધરી ચૂંટણી લડશે કે નહીં તે હજી નક્કી થયું નથી. ગુરુવારે વિપુલ ચૌધરીના જામીન નામંજૂર થયા છે ત્યારે હાઈકોર્ટમાં જોડીયા મંડળી દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. જે અનુસંધાને સુનાવણી પૂર્ણ કરવામાં આવી છે અને કોર્ટ દ્વારા આ મામલે ૩૦ ડિસેમ્બરે આદેશ આપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

# ગુજરાતમાં કોરોનાના નવા ૯૧૦ કેસ : ૮ દર્દીનાં મોત

## રાજ્યમાં હજુ પણ ૬૨ લોકો વેન્ટીલેટર પર : અત્યાર સુધીમાં કુલ ૯૩૩૦૪૯૧ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૨૫૨૦૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૫

રાજ્યમાં કોરોનાની સ્થિતિ દિવસેને દિવસે કેસોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા છે. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે ૬૩ દિવસ જેટલા લાંબા સમય બાદ કોરોના પોઝિટિવનો આંકડો ૧૦૦૦ની નીચે આવ્યો છે. આજે રાજ્યમાં નવા ૯૧૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૧૪ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨૨૫૨૦૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૩.૭૯ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવો સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૬,૯૭૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૭૬.૪૬ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૯૩,૩૦,૪૯૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૯,૮૭૫ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૦૯,૮૭૫ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૧૬ વ્યક્તિને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૦૬૩૧ એક્ટિવ કેસ છે.

વેન્ટિલેટર પર ૬૨ છે. જ્યારે ૧૦,૫૬૯ લોકો સ્ટેબલ છે. ૨૨૫૨૦૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૬૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશન ૩, સુરત કોર્પોરેશન ૨, રાજકોટ ૧ દર્દી સહિત કુલ ૬ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

## ખેડબ્રહ્માના સેબલિયાની સૌરભ વિદ્યાલયની બંધ બિલ્ડીંગનો વિસ્તારના વિકાસ હેતુ ઉપયોગની મંજૂરી માટે માંગ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના સેબલિયા ગામે અંબાજી હાઈવે પર આવેલી સત્યમ કેળવણી મંડળ સંચાલિત સૌરભ વિદ્યાલયની બિલ્ડીંગ ગેરકાયદેસર શિક્ષક ભરતી કૌભાંડના લીધે વર્ષોથી બંધ હાલતમાં પડી રહી છે. આ



બંધ બિલ્ડીંગનો સરકારી ધોરણે સીધા જ કે અન્ય કોઈ ખાનગી સંસ્થા થકી વિસ્તારની આદિવાસી પ્રજાના કલ્યાણ હેતું આરોગ્ય અથવા ખેતી વિષયક કે કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્ર માટે ખુલ્લી કરાવીને આદિવાસી સમાજના નામે સરકારમાંથી પાસ કરાવેલી લાખો રૂપિયાની ગ્રાન્ટ દ્વારા તૈયાર આખાય કેમ્પસનો સદ્દુપયોગ કરવો જોઈએ એ અંગેની વિસ્તારના સેબલિયા, બેગોડ, ભરમીયા, પંથાલ અને પાટડીયા ગામના લોકોએ ઉગ્ર માંગણી કરી છે.

આ અંગે ખેડબ્રહ્મા મામલતદાર જી.ડી.ગમારને પૂછતાં તેમણે જણાવ્યું કે, સ્થાનિકોની આ બહુ સારી માંગ છે અને આ હેતુપૂર્તિ માટે વહેલી તકે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.



ભાજપ મહાનગર ગાંધીનગર દ્વારા ભારત રત્ન પુર્વ પ્રધાનમંત્રી સ્વ અટલ બિહારી બાજપેયીજીના જન્મદિવસ નિમિત્તે અટલજીની કવિતાઓનુ પઠનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો વોર્ડ નં- ૬ માં ભાજપના હોદેદારો તેમજ કાર્યકરોએ કાવ્ય પઠન કર્યુ હતુ. આ ઉપરાંત ભાજપ મહાનગરના પ્રમુખ રૂચિર ભટ્ટ સહીતના હોદેદારોએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટનુ પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડથી ગુંદેલ જતા રોડના કામમાં ભ્રષ્ટચારનો આક્ષેપ

ખેડબ્રહ્મા, તા. ૨૫

ગ્રામપંચાયતના સદ્સ્ય દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડથી ગુંદેલ જવા માટે ડામર રોડની ગુમવત્તા અંગે સ્થાનિક નાગરિક ધ્વારા રજુઆત કરવામાં આવી છે.




રાધિવાડ ગામના મનહરસિંહ ખેર ધ્વારા સોશ્યલ મીડિયામા આક્ષેપ કરેલ છે જે મુજબ રાધિવાડથી ગુંદેલ વચ્ચે ૨ કી.મી.નો રોડ આવેલ છે જેમાં બે વર્ષ પહેલા આર.સી.સી. કરવામાં આવ્યો હતો. જ્યારે બાકીનો ૧.૫ કિ.મી. રોડ તાજેતરમાં ૧ કરોડના ૧૬ લાખ ખર્ચે ડામર કામ કરવામાં આવ્યો છે પણ કોન્ટ્રકટર કામ બરાબર ન કર્યુ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રાધિવાડ ગામના મનહરસિંહ ખેરના જણાવ્યા અનુસાર રાધિવાડથી ગુંદેલ જવા માટે ૧ કરોડ ૧૬ લાખ ના ખર્ચે ડામર રોડનું કામ કરવામાં આવ્યું છે તેમાં કોન્ટ્રકટર દ્વારા કપચી બરાબર નાખવામા આવી નથી. ડામર પણ વ્યવસ્થિત કરવામાં આવ્યો નથી ૧૨ ડિસેમ્બરમા કામ પૂર્ણ થયું છે અને ૧૦ દિવસમાં જ ડામર વખૂટવા લાગ્યો છે જેથી મનહરસિંહ દ્વારા માર્ગ મકાન સચિવને ફોટો અને વીડિયો વોટ્સએપ કર્યા હોવાનું જણાવ્યું હતું.

# ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કર્મચારીઓનો અનોખો અંદાજ

## સાન્તા ક્લોઝ બની દર્દીઓને ગીફ્ટ આપી, બિસ્કીટ અને ફળો વહેંચ્યા

મોડાસા, તા. ૨૫

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ક્રિસમસ દિન નિમિત્તે અનોખી ઉજવણી કરવામાં આવી જેમા GVK EMRi Emergency Management and Research Institute 108ના કર્મચારીઓ દ્વારા સાર્વજનીક હોસ્પિટલમાં ૧૦૮ કર્મીઓ દ્વારા સેન્ટાક્લોઝ બનીને હોસ્પિટલ નિ અંદર એડમિટ દર્દીઓને ચોકલેટ બિસ્કિટ અને ફળો આપીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી અને ૧૦૮ના કર્મચારીઓ દ્વારા ખિલખિલાટ અને ૧૦૮નો વધુ ઉપયોગ કરવાં માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોરોના મહામારીના પગલે



દર્દીઓને માસ્ક વિતરણ પણ કર્યા હતા.

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ નાતાલના દિવસે તેમના રૂમમાં સાન્તા ક્લોઝ જોઈ ચહેરા પર ખુશી છવાઈ હતી અને સારવાર લઇ રહેલ દર્દીઓને બીમારી માંથી ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા આપી ગીફ્ટ આપી હતી.

## છેલ્લે... છેલ્લે...

- ફાસ્ટ ટેગ દ્વારા ૨૪મી ડિસેમ્બરે એક જ દિવસમાં દેશભરમાંથી ૮૦ કરોડ રૂપિયાનું કલેક્શન થયું
- એશિયાની સૌથી મોટી ઝુંપડપટ્ટી ધારાવી કોરોનામુક્ત.
- રાઉરકેલા સ્થિત દેશના સૌથી મોટા હોકી સ્ટેડીયમ પર ૨૦૨૩માં વર્લ્ડ કપ યોજાશે.
- યુકેથી અમેરિકા આવતા તમામ પેસેન્જરોનો કોરોના નેગેટીવ રીપોર્ટ ફરજીયાત.
- જાણીતા અભિનેતા રજનીકાંત બીપી વધતા એપોલોમાં દાખલ.
- ફીલીપાઈન્સના મનિલામાં ૬.૨ની તીવ્રતાવાળા ભૂકંપના આંચકા.
- આંદોલનકારી ખેડૂતો માટે સિંધુ બોર્ડર પર કિસાન મોલ શરૂ કરાયો.
- અમિત શાહ આજથી આસામ, મણિપુરની બે દિવસની મુલાકાતે
- ૨૮ ડિસેમ્બરે વડાપ્રધાન મોદી ડ્રાઈવરલેસ મેટ્રોને લીલી ઝંડી બતાવશે
- ઈરાને પરમાણુ ઠેકાણા પાસે જમીનથી હવામાં પ્રહાર કરવામાં સક્ષમ મિસાઈલો તૈનાત કરી
- વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. અશોકભાઈ ભટ્ટના પત્ની જ્યોતિબેન ભટ્ટનું અમદાવાદ ખાતે નિધન
- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડાની સુચના અનુસાર કોંગ્રેસના વિચાર વિભાગના ચેરમેન ઉમાકાંત માંકડને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા.

# ભિલોડામાં સિંધી સમાજ દ્વારા મામલતદાર કચેરીમાં આવેદનપત્ર

ભિલોડા,તા.૨૫

જુનાગઢમાં સિંધી સમાજના વેપારીને માસ્ક નહીં પહેરવા બદલ લોખંડની પાઈપથી પોલીસ કર્મીએ માર્યો હતો.પોલીસ સ્ટેશનમાં મુંકી રાખવા બદલ વેપારીઓ, સિંધી સમાજમાં ભારે રોષ ભભુકી



રહ્યો છે.

પોલીસ કર્મી વિરૂધ્ધ સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરાય તે બાબતે પુજ્ય સિંધી પંચાયત ધ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. સિંધી સમાજના લાલભાઈ, તોલારામભાઈ, દેવુંભાઈ, અશોકકુમાર, રાજુભાઈ સિંધી, સામાજીક આગેવાનો સહિત વેપારીઓએ મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું. પોલીસ કર્મીને સસ્પેન્ડ કરવા સંદર્ભે માંગ સર્વત્ર બુંલદ બની છે.

આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે જુનાગઢમાં પોલીસ કર્મીની દાદાગીરીને વખોડી કાઢીને દોષીત પોલીસ કર્મીને સત્વરે ધરપકડ કરવા, તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા માંગ કરાઈ છે.

પુજ્ય સિંધી પંચાયત ધ્વારા અપાયેલા આ આવેદનપત્રમાં જુનાગઢ ખાતેના વેપારી નરેશભાઈ છતવાણી જ્યારે લારી પર ધંધો કરીને ગુજરાન ચલાવી રહ્યા છે.

માસ્ક નહીં પહેરવા બદલ પોલીસકર્મી દેવાભાઈ રબારીએ વેપારીની લારી ઉઠાવી રાત્રે પોલીસ સ્ટેશનમાં વેપારીને ગોંધી રાખ્યો હતો.પોલીસ સ્ટેશન પાછળ લઈ જઈ ધોકા જેવા લોખંડના પાઈપથી માર માર્યો હતો. જુનાગઢ ખાતે જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા વેપારીને ત્રાસ રૂપી સજા આપનાર પોલીસ કર્મીને સસ્પેન્ડ કરવા અને પગલા ભરવા માંગ ઉદ્ભવી છે.

# વાવ પોલીસ સ્ટેશનના બે ટ્રાફિક કોન્સ્ટેબલો વિરુદ્ધ જિલ્લા પોલીસ વડાને રજુઆત

## અરજદારે લાંચ આપવાનો ઈન્કાર કરતાં ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલો ઉશ્કેરાઈ જઈને બેફામ અને અભદ્ર શબ્દો બોલ્યા હોવાનો ગંભીર આક્ષેપ : ગાડીમાં બેઠેલા વિદ્યાર્થીએ પાણી પીવા માસ્ક ઉતાર્યુ તો પણ લાંચ માંગી દંડ વસુલ્યો

ડીસા, તા. ૨૫

કોરોનાની મહામારીને લઈને લોકોની સુરક્ષા માટે સરકાર દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવેલ છે જેનું ચુસ્ત પાલન કરાવવાની જવાબદારી પોલીસના માથે છે લોકોએ પણ સ્વેચ્છાએ સરકારની ગાઈડલાઈન લનું પાલન કરવું જોઈએ પણ ક્યાંક પોલીસ કાયદાનો ડર બતાવીને લાંચની માંગણી કરે છે તો ક્યાંક દાદાગીરી અને લોકો સાથે અભદ્ર વ્યવહાર કરીને માનવાધિકારનો સરેઆમ ભંગ કરી રહ્યા છે જે લોકશાહીમાં શરમજનક છે લાંચ આપીને કેટલાય લોકો ખુલ્લેઆમ સરકારની ગાઈડલાઈનનો ભંગ કરી રહ્યા છે એ સૌને દેખાય છે મુસાફરીમાં ફરતા વાહનો, સામાજિક અને રાજકીય કાર્યક્રમો વગેરેમાં ક્યાંય સરકારની ગાઈડલાઈન નું પાલન થતું નથી પણ સામાન્ય વ્યક્તિ જ્યારે માસ્ક પાણી પીવા માટે ઉતારે છે અને તેને પુનઃ પહેરે એના પહેલા પોલીસ કોન્સ્ટેબલો તેને દંડ આપવા મજબુર કરે છે અને જો દંડ ન લેવો હોય તો લાંચની માંગણી કરે છે એ કેટલા અંશે યોગ્ય છે ??

થરાદનો રહેવાસી અને અભ્યાસ કરતો એક વિદ્યાર્થી પોતાના મિત્રના પિતાના અવસાન પાછળ તેના ઘરે એટલે કે ગોલગામ બેસવા ૪ મિત્રો ગાડીમાં જતા હતા દરેકને મોઢે માસ્ક હતું પણ એ પૈકીના શ્રવણભાઈ દવેએ પાણી પીવા માટે માસ્ક ઉતારીને પાણી પીધું અને મોં લૂછી ફરી માસ્ક લગાવતા હતા ત્યાં વાવ ટ્રાફિક પોલીસના ૨ જવાનોએ ગાડી રોકાવી તો શ્રવણભાઈએ હકીકત જણાવી પણ પોલીસ જવાનો સોભળવા તૈયાર ન થયા. પેલાએ આજીજી કરી અને કહ્યું કે હું એક વિદ્યાર્થી છું હું સમજુ છું સરકારની ગાઈડલાઈનને હું તેનું પાલન પણ કરું છું તમે મહેરબાની કરીને દંડ ન આપો. તો ટ્રાફિક પોલીસે દંડ ન લેવો હોય તો ૫૦૦ રૂપિયા આપી દો ત્યારે એક શિક્ષિત યુવાને ટ્રાફિક પોલીસને લાંચની માંગણી ન કરાય અને તમારે પણ સરખી રીતે માસ્ક પહેરવા નથી આ સિવાય બીજા લોકો પણ ખુલ્લેઆમ માસ્ક વગર ફરી રહ્યા છે આ પેસેન્જર ગાડીઓમાં ગાઈડલાઈન લનું ક્યાંય પાલન થાય છે ?




આવા પ્રશ્નો કરતાં પેલા બે ટ્રાફિક પોલીસ જવાનો પોતાના હોદ્દાના રોફમાં કાયદાનું ભાન ભૂલીને બેફામ બોલવા લાગ્યા [illegible] આપવા લાગ્યા ત્યારે આ યુવાને તેમના નામ પૂછ્યા ત્યારે એક ભાઈ પોતાનું નામ સૈયદ હોવાનું જણાવ્યું અને બીજાએ નામ ન આપ્યું અને અમારું કોઈ કશું ન બગાડી શકે અમારો વ્યવહાર છેક ઉપર સુધી જાય છે એવી ધમકી આપી ત્યારે આ યુવાને લાંચ નહિ આપું તમે કાયદેસરના દંડની પાવતી આપો ત્યારે પેલા ટ્રાફિક પોલીસે દંડની પાવતી આપી અને ધમકી આપી કે તું બીજીવાર ક્યાંય હાથમાં આવ પછી તારી વાત અને ત્યારબાદ તપાસ કરતાં આ બન્ને પોલીસ કોન્સ્ટેબલો ઈરફાન અલી નજર મિયા સૈયદ અને બીજો મનુભાઈ માળી નામનો કોન્સ્ટેબલ હતો. ત્યારે આ શિક્ષિત અરજદારે આ બન્ને ખાખીના રોફમાં અને સરકારની ગાઈડલાઈનમાં માસ્કના દંડના નામે લાંચની માંગણી કરી અભદ્ર વ્યવહાર વર્તન કરનાર કોન્સ્ટેબલો વિરુદ્ધ જિલ્લા પોલીસ વડાને અને માનવાધિકાર સંસ્થાને પણ લેખિત રજુઆત કરી છે આમ આવા કોન્સ્ટેબલોના પાપે ગુજરાત પોલીસ બદનામ થઈ રહી છે અને દંડના નામે સરકાર પણ બદનામ થઈ રહી છે ત્યારે સરકારે આવા કોન્સ્ટેબલોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા જોઈએ તેવી લાકમાંગ ઉઠી છે.

## ચૂંટણી માટે પાટીલનો મંત્ર, કર્મ કરો ફળની આશા ના રાખતા

અમદાવાદ, તા.૨૫

મહાનગરપાલિકા પર ફરી એક વાર પોતાનું શાસન યથાવત રાખવા ભાજપે કમર કસી છે. નારાણપુરાના એક હોલમાં મળેલી અમદાવાદ શહેર ભાજપની ચિંતન બેઠકમાં ચૂંટણી અંગેની રણનીતિ પર મંથન થયું. ભાજપના પ્રદેશ પ્રમુખે નેતાઓને એક ઘર એક હોદ્દાની વાતનું પુનરાવર્તન કર્યુ તો સાથે જ આગેવાનોને ધીરજ રાખવાનો પણ મંત્ર આપ્યો. દરેક શક્તિશાળી નેતાને હોદ્દો મળે તે જરૂરી નથી, ધીરજ થી કામ કરીએ તો પદ ચોક્કસ મળે છે.

### નવા સ્ટ્રેનની શંકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ મહારાષ્ટ્રના નાગપુરનો ૨૮ વર્ષનો માણસ પણ ૧૫ ડિસેમ્બરના રોજે કોરોનાગ્રસ્ત મળી આવ્યો હતો. આ માણસ પણ બ્રિટનથી પાછો આવ્યો હતો. એવામાં નાગપુરની સરકારી કોલેજે આશંકા વ્યક્ત કરી છે કે આ દરદી યુકેમાં મળનાર નવા કોરોના વાયરસથી ગ્રસ્ત હોઈ શકે છે.

### વિક્રમી વાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાકના વાવેતરમાં ખેડૂતોએ આ વખતે બહુ રસ દાખવ્યો નથી. ગાંધીનગર તાલુકામાં માત્ર ૮ હેક્ટરમાં જ વરિયાળીનું વાવેતર થયું છે જે નોંધનીય છે.

જિલ્લામાં આ વખતે ખેડૂતોએ પ્રયોગને બદલ પરંપરાગત ખેતીને વધુ અગ્રીમતા આપી છે. બટાટા, તમાકુ, ચણાના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે. કોન્ટ્રાક્ટ ફાર્મીંગે બટાટાની વધુ ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હોવાનું ખેડૂતો સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું છે.

### સોથ વળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વૃક્ષોને બચાવવા માટે કેન્ડલ લાઈટ , સત્યાગ્રહ સહીતના કાર્યક્રમો કરવામાં આવ્યા છતા વૃક્ષોની કટોતી થઈ રહી છે.આ કાર્યયોજનાને અનુલક્ષી ચિલોડાથી વૈષ્ણોદેવી સુધીના રૂટમાં અંદાજિત ૮૫૮૦ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. ત્યારે નગરના માર્ગોને અપગ્રેડ કરવા માટે પણ સેંકડો વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે પાઈપલાઈની કામગીરી દરમિયાન પણ શહેરમાંથી સેંકડો વૃક્ષોની કટોતી થશે આ અંગે નગરજનો બેખબર છે. ત્યારે નગરની હરિયાળીને બરકરાર રાખવા માટે પ્રત્યેક નાગરિકે જાગૃત થવાની અનિવાર્યતા છે. તેમ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે.

### રખડતા ઢોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પામ્યો છે. સેકટરોમાં રખડતા ઢોરના લીધે ગંદકી સહીતની અનેક સમસ્યાઓ ઉદભવે છે. જયારે કેટલીક વાર સ્થાનિકોની સલામતી સામે પણ સવાલો મંડરાય છે. રખડતા ઢોર વારંવાર તોફાને ચઢતા બાળકોમાં પણ નાસભાગ મચી જવા પામે છે. આવા સંજોગોમાં સેકટરના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ વધી રહ્યો છે. ત્યારે સતત ઢોર પકડવાની ઝુંબેશ યથાવત રાખી અસરકારક પગલા લેવાય તે અનિવાર્ય બન્યુ છે.

### નહિ છીનવાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ કહ્યું કે, હવે હેરાફેરી નથી થતી, નાણા સીધા ખેડૂતોના ખાતામાં જાય છે. આજે દેશની તમામ સરકારો આ યોજના સાથે જોડાયેલી છે પરંતુ માત્ર બંગાળના ૭૦ લાખ ખેડૂતોને લાભ નથી મળી રહ્યો. બંગાળની સરકાર રાજકીય કારણોથી ખેડૂતોને ફાયદો નથી પહોંચવા દેતા. ત્યાંના ખેડૂતોને સીધા ભારત સરકાર સાથે જોડાવાની તેમને અપીલ છે. વડાપ્રધાને કહ્યું કે, જે લોકોએ બંગાળમાં ૩૦ વર્ષ સરકાર ચલાવી આજે તેઓ આ મુદ્દા પર કોઈ આંદોલન નથી કરતા. બંગાળની આવી જ વિચારધારાના લોકો આજે પંજાબ પહોંચી ગયા છે. બંગાળની સરકાર પોતાના રાજ્યમાં ખેડૂતોના લાભને રોકી રહ્યા છે, પરંતુ પંજાબ પહોંચીને રાજકીય દુશ્મનોની સાથે મળી લડે છે. વિપક્ષ તેની પર ચૂપ કેમ છે. વડાપ્રધાને કહ્યું કે, કેટલાક લોકો ચર્ચામાં આવવા માટે ઈવેન્ટ કરી રહ્યા છે ને બંગાળની સ્થિતિ પર ચૂપ છે. તેઓ દિલ્હીમાં અર્થનીતિ રોકવામાં લાગેલા છે. જેઓએ દિલ્હીમાં ઘેરી દીધું છે. તેમને કેરળ નથી દેખાતું. કેરળમાં પણ એપીએમસી,માર્કેટ નથી, ત્યાં તેઓ આંદોલન નથી કરતા. તથ્ય વગર જ રાજનીતિ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મોદીએ કહ્યું કે, ખેડૂતોને બદનામ કરી કેટલાક લોકો પોતાની રાજનીતિ ચમકાવી રહ્યા છે. પહેલાની સરકારોની નીતિના કારણે ખેડૂત બરબાદ થયા, જેમની પાસે ઓછી જમીન હતી.

### એક વર્ષ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજનાથ સિંહે કહ્યું કે, "હું ખુદ ખેડૂતનો દીકરો છું. મોદી સરકાર ક્યારેય એવું કંઈ નહીં કરે જે ખેડૂતોના હિતોની વિરુદ્ધ હોય. અત્યારે એક અથવા બે વર્ષ માટે કૃષિ કાયદાઓને લાગુ કરવા દેવામાં આવે. આને પ્રયોગ તરીકે જોઈએ અને જો આ ખેડૂતો માટે લાભકારી સાબિત નથી થતા તો સરકાર દરેક સંભવ હશે એ સંશોધન કરવા તૈયાર રહેશે." બીજી તરફ ખેડૂતોએ કૃષિ આંદોલન ઉગ્ર કર્યું છે. નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતોએ લુધિયાનાના એક પેટ્રોલ પંપનો ઘેરાવો કર્યો અને કોઈને પણ ત્યાં પેટ્રોલ અથવા ડીઝલ ભરાવવા દેતા નથી.